RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 64* Date: 30.12.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### યુકેથી પાછા ફરેલા ૬ લોકોમાં નવા સ્ટ્રેન મળ્યા, તમામને સીંગલ આઈસોલેશનમાં રખાયા

# દેશમાં નવા કોરોના વાયરસ સ્ટ્રેનની એન્ટ્રીઃ ૬ કેસ મળતા ખળભળાટ



ન્યુ દિલ્હી,તા.૨૯

નવા વર્ષના જશ્ન પહેલાં કોરોનાના મોરચા પર ચિંતાના સમાચાર સામે આવ્યા છે. ભારતમાં જેનો ડર હતો આખરે એ થઈ જ ગયું. જી હા ભારતમાં પણ યુકેવાળા કોરોના વાયરસના નવા સ્ટ્રેનની એન્ટ્રી થઈ ગઈ છે. ભારતમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનના કુલ ૬ કેસ મળ્યા છે.

આજે ભારત સરકારની તરફથી આ વાતની માહિતી અપાઈ છે. યુકેથી પાછા આવેલા ૬ લોકોમાં આ નવા સ્ટ્રેન જોવા મળ્યા છે. તેમાંથી ૩ બેંગલુરૂ , ૨ હૈદ્રાબાદ અને એક પૂણેની લેબના સેમ્પલમાં નવા સ્ટ્રેન જોવા મળ્યા.

યુકેથી આવેલા લોકોના જીનોમ સ્કિવેંસિંગ કરાયા હતા, તેનો રિપોર્ટ મંગળવારે રજૂ કરાયો. જેમાં અલગ-અલગ લેબમાં ટેસ્ટ કરાયેલા સેક્શન અંગે જણાવ્યું. આ તમામ લોકોને

### ૨૫ નવેમ્બરથી ૨૩ ડીસેમ્બર વચ્ચે યુકેથી ૩૩૦૦૦ યાત્રી ભારતના અલગ અલગ એરપોર્ટ પર આવ્યા છે, જેમાંથી અત્યાર સુધીમાં ૧૧૪ કોરોના સંક્રમિત જણાયા

સિંગલ આઈસોલેશન રૂમમાં રખાયા છે. તેમના સંપર્કમાં આવનારા નજીકના લોકોને પણ ક્વારેન્ટાઈન કરી દેવાયા છે.

આપને જણાવી દઈએ કે ૩૩૦૦૦ પેસેન્જર યુકેથી ભારતના અલગ-અલગ એરપોર્ટ પર ૨૫ નવેમ્બરથી ૨૩ ડિસેમ્બરની વચ્ચે આવ્યા હતા, જેમાંથી અત્યાર સુધીમાં ૧૧૪ કોરોના સંક્રમિત મળ્યા છે. તેમના સેમ્પલને જયારે જિનોમ સીક્વેંસિંગ માટે મોકલ્યા તો છમાં નવા સ્ટ્રેન મળ્યા.

ત્યારબાદ આ તમામના સેમ્પલોને દેશની ૧૦ લેબ (કોલકત્તા, ભુવનેશ્વર, એનઆઈવી પૂણે, સીસીએસ પૂણે, સીસીએમબી હૈદરાબાદ, સીસીએફડી હૈદરાબાદ, ઈનસ્ટેમ બેંગલુરૂ, એનઆઈએમએચએએનએસ બેંગ્લુરુ, આઈજીઆઈબી દિલ્હી, એનસીડીસી દિલ્હી)માં મોકલાયા હતા.

ઉલ્લેખનીય છે કે બ્રિટનમાં મળેલા કોરોનાના નવા સ્ટ્રેનને લઈ વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે આ ૭૦ ટકા ઝડપથી ફેલાય છે, આ જ કારણ છે કે તેને લઈ ઘણા સમયથી સતર્કતા વધારી દેવામાં આવી છે. જે કંપનીઓ વેક્સીન બનાવી રહી છે તેમનું કહેવું છે કે કોરોનાના નવા સ્ટ્રેનની વેક્સીનના નિર્માણ પર અસર થશે નહીં.

વૈજ્ઞાનિકોએને હજી સુધી કોરોના વાયરસના આ નવા વેરિએન્ટ (B.1.1.7) વિશે વધુ માહિતી મળી નથી. હાલમાં તેના જીનોમ સ્ટ્રક્ચર પર સંશોધન ચાલી રહ્યું છે. વૈજ્ઞાનિકો હજી પણ તે શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે કે શું આ મ્યુટેશનથી વાયરસ વધુ ખતરનાક થઈ રહ્યો છે કે પછી નબળો પડી રહ્યો છે.

નવા સ્ટ્રેન ખૂબ જ ચેપી છે. તેનાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કોરોના કેસોમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. એટલે કે સામાન્ય તાણ કરતા ત્રણ ગણો વધુ ચેપી છે. કોરોનાનું નવું સ્ટ્રેન કેટલું જોખમી છે તે સ્પષ્ટ નથી. ખેર વધુ ચેપી થવાથી જોખમી તો છે જ, કારણ કે તેનાથી લોકોમાં ચેપ લાગવાની શક્યતા વધી જાય છે. આ વેરિએન્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં ૨૩ વખત મ્યુટેશન થયું છે જે આશ્ચર્યજનક છે.

### શાહે ખેડૂતો સાથે મંત્રણામાં જોડાનાર ૩ પ્રધાનો સાથે રણનીતિ તૈયાર કરી

# આજે ખેડૂતો સાથે સરકારની મંત્રણાઃ એમએસપીની નવી ફોર્મ્યુલા રજૂ થશે

ન્યુ દિલ્હી,તા.૨૯

ખેડૂતોના લગભગ એક મહિનાથી ચાલતા વિરોધને ખતમ કરવા અને તેમની શંકાઓ દૂર કરવા માટે સરકાર બુધવારે થનારી વાતચીતમાં એમએસપી પર નવી ફોર્મ્યુલા રજૂ કરશે. ગૃહપ્રધાન અમિત શાહે ખેડૂતો સાથે વાતચીત કરનારા ત્રણેય કેન્દ્રીય પ્રધાનો સાથે સોમવારે વાતચીતની રણનીતિ તૈયાર કરી છે. સરકાર ખેડૂતો સાથે થનારી મીટીંગને નિષ્ફળ નથી જવા દેવા માગતી.

સરકાર જાતે છે કે ખેડૂત સંગઠનો ત્રણેય કાયદાઓ પાછા ખેંચવા અને એમએસપીને કાનૂની બનાવવાની માંગણી સાથે વિરોધ ચાલુ રાખશે. એટલે ખેડૂત સંગઠનોની આ રણનીતિના જવાબમાં સરકાર એમએસપી અંગેની નવી ફોર્મ્યુલા ખેડૂતો સમક્ષ મુકશે. જેમાં સરકાર કહેશે કે તે એમએસપી હેઠળ સરકારી ખરીદીને ભવિષ્યમાં ચાલુ રાખવા માટે લેખિત ગેરંટી આપવા માટે તૈયાર છે પણ તેને કાયદાનો ભાગ નહીં બનાવી શકાય. સરકાર ખેડૂત સંગઠનોને પૂછશે કે એમએસપીને ચાલુ રાખવાનો સંદેશ આપવા સરકાર બીજું શું કરી શકે ? આ ઉપરાંત સરકાર એમ પણ કહેશે કે કાયદો લાગુ થયા પછી જે જોગવાઈ ના કારણે ખેડૂતોને મુશ્કેલી પડશે તેમાં ભવિષ્યમાં વાતચીત કરીને ફેરફાર કરાશે.

સરકાર સંપૂર્ણ રણનીતિ સાથે વાતચીતના મેદાનમાં ઉતરવા માંગે છે. આ જ કારણ છે કે સમય એક દિવસ લંબાવાયો છે. વાતચીત માટે સરકારની રણનીતિ તૈયાર કરવા માટે સોમવારે ગૃહ પ્રધાન શાહ, કૃષિ પ્રધાન તોમર અને વાણિજ્ય પ્રધાન પીયુષ ગોયલ વચ્ચે મેરેથોન મીટીંગ થઈ. મંગળવારે પણ વાતચીતની તૈયારી માટે આ જ પ્રકારની ઉચ્ચસ્તરીય મીટીંગ થશે. સરકાર ઈચ્છે છે કે આ વખતની વાતચીતનું કોઈ સકારાત્મક પરિણામ આવે.

ખેડૂત સંગઠનો સાથે વાતચીત પર સંમતિ છતાં સરકાર અને ભાજપા કૃષિ કાનુનોના સમર્થનમાં રાષ્ટ્રવ્યાપી અભિયાન ચાલુ રાખશે. આ જ ક્રમમાં વડાપ્રધાન મોદીએ સોમી કિસાન રેલને લીલીઝંડી દેખાડતા કૃષિ કાનુનોના ફાયદાઓ ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ખેડૂતોના હિતમાં કૃષિ ક્ષેત્રમાં સુધારાઓની વ્યાપક જરૂર છે. આ ત્રણે કાયદાઓ એ દિશામાં કરાયેલ નક્કર પહેલ છે. તેમણે એમ પણ કહ્યું કે, કૃષિ ક્ષેત્ર અને ખેડૂતો માટે સરકારની નીયત અને નીતિ સ્પષ્ટ છે.

### ભારતીય કિસાન યુનિ.ના નેતા રાકેશ ટિકૈતનું નિવેદન

# સમાધાન નહીં થાય તો ખેડૂતો ૨૬ જાન્યુઆરી દિલ્હી બોર્ડર પર જ ઉજવશે

ન્યુ દિલ્હી,તા.૨૯

કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા આંદોલનમાં સરકાર અને ખેડૂતો એમ બંને પક્ષો મડાગાંઠ યથાવત છે.આવતીકાલે સરકાર સાથે ખેડૂત આગેવાનોની બેઠક યોજાવાની છે.

જોકે એ પહેલા ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે કહ્યુ છે કે, જો સમાધાન થયુ તો ઠીક છે નહીંતર પછી ખેડૂતો ૨૬ જાન્યુઆરી પણ દિલ્હીની બોર્ડર પર જ મનાવશે.ખેડૂતો અહીંયાથી હટવાના નથી. વિપક્ષ મજબૂત નથી. દેશમાં વિપક્ષ હોવો જોઈએ. જો વિપક્ષ મજબૂત હોત તો અમારે રસ્તાઓ પર ઉતરવાની જરૂર ન પડત.

જણાવી દઈએ કે ખેડૂત આંદોલન આજે ૩૪મા દિવસમાં પ્રવેશ્યુ છે અને ખેડૂતો દિલ્હી બોર્ડર પર ડેરા તંબૂ તાણીને પડ્યા છે.રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, ખેડૂતો આટલા દિવસથી શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહ્યા છે. સરકાર સમક્ષ પણ શાંતિપૂર્ણ રીતે જ પોતાની વાત રાખશે.એજન્ડા પર પહેલા અમારી જે માંગણીઓ હતી તે આજે પણ યથાવત છે.સરકાર પહેલા ત્રણે નવા કાયદા રદ કરે, મિનિમમ સપોર્ટ પ્રાઈસ પર એક કાયદો બનાવે અને સ્વામીનાથન કમિટીની ભલામણો લાગુ કરે.

તેમણે કહ્યુ હતુ કે, સરકાર પહેલા ત્રણ કાયદા પાછા નહીં લે ત્યાં સુધી ખેડૂતો અને સરકાર વચ્ચે વાતચીતનો રસ્તો નહીં ખુલે. બેઠકમાં હું જવાનો છુ અને કોઈ સમાધાન નિકળશે તેવી આશા લઈને બેઠકમાં ભાગ લઈશું.વાતચીત ના થઈ તો પણ શાંતિપૂર્ણ પ્રદર્શન ચાલતુ રહેશે.

### વડાપ્રધાને રેલ્વેના ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના એક ભાગનું ઉદ્ઘાટન કર્યું

# પ્રદર્શનના નામ પર દેશની સરકારી સંપતિઓને હાનિ ન પહોંચાડોઃ મોદી



ન્યુ દિલ્હી,તા.૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય રેલવેના ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના એક ભાગનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કાનપુર પાસે ન્યૂ ભાઉપુર અને ન્યૂ ખુર્જા વચ્ચે બનેલા ૩૫૧ કિલોમીટર લાંબા કોરિડોરને દેશને સમર્પિત કર્યો. આ અવસરે કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલ ઉપરાંત ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા.

આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે આજનો દિવસ ભારતીય રેલવેના ગૌરવશાળી ભૂતકાળને ૨૧મી સદીની નવી ઓળખ આપનારો છે. ભારત અને ભારતીય રેલવેનું સામર્થ્ય વધારનારો છે. આજે આપણે આધાદી બાદનો સૌથી મોટો અને આધુનિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સાકાર થતો જોઈ રહ્યા છીએ. આજે જયારે ભારત દુનિયાની મોટી આર્થિક તાકાત બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે ઉત્તમ કનેક્ટિવિટી દેશની પ્રાથમિકતા છે. આ સોચ સાથે ગત ૬ વર્ષથી દેશમાં આધુનિક કનેક્ટિવિટીના દરેક પહેલુ પર ફોકસ સાથે કામ કરવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આપણા ત્યાં મુસાફર ટ્રેન અને માલગાડીઓ બંને એક જ પાટા પર દોડે છે. માલગાડીઓની ઝડપ ધીમી હોય છે. આવામાં માલગાડીઓને રસ્તો આપવા માટે મુસાફર ટ્રેનોને સ્ટેશનો પર રોકવામાં આવે છે. જેનાથી મુસાફર ટ્રેનો લેટ પડે છે અને માલગાડી પણ. આ ફ્રેટ કોરિડોર આત્મનિર્ભર ભારતના ખુબ મોટા માધ્યમ હશે. ઉદ્યોગ હોય, વેપાર-કારોબાર, ખેડૂત-ગ્રાહકો દરેકને તેનો લાભ મળવાનો છે. ખાસ કરીને ઔદ્યોગિક રીતે પાછળ રહી ગયેલા પૂર્વ યુપીને આ ફ્રેટ કોરિડોર નવી ઉર્જા આપવાનો છે. જેનો લગભગ ૬૦ ટકા હિસ્સો યુપીમાં છે આથી યુપીના દરેક નાના મોટા ઉદ્યોગોને તેનો લાભ થશે.

અગાઉની સરકારો પર પ્રહારો કરતા પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ અગાઉ આ પ્રોજેક્ટ માટે જે પૈસા સ્વીકૃત થયા તે યોગ્ય રીતે ખર્ચ થઈ શક્યા નહી. ૨૦૧૪માં આ પ્રોજેક્ટ માટે ફરીથી ફાઈલોને ફંફોળાઈ. અધિકારીઓને નવી રીતે આગળ વધવાનું કહેવાયું તો બજેટ લગભગ ૪૫ ગણું વધી ગયું. અગાઉ ફોકસ ટ્રેનોની સંખ્યા પર રહેતું હતું જેથી કરીને ચૂંટણીમાં લાભ મળે. પરંતુ જે પાટાઓ પર આ ટ્રેનોને દોડાવવાની હતી તેના પર રોકાણ થતું નહતું.

કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે કોરિડોરની શરૂઆત થયા બાદ દેશના ખેતરો સીધા બજારો સાથે જોડાશે. તેમણે કહ્યું કે ગઈ કાલે જ દેશમાં ૧૦૦મી કિસાન રેલ શરૂ કરાઈ. કિસાન રેલથી આમ પણ ખેતી સંલગ્ન ઉપજને દેશભરના બજારોમાં સુરક્ષિત અને ઓછા ભાવે પહોંચાડવાનું શક્ય બન્યું છે. હવે કિસાન રેલ વધુ ઝડપથી પોતાના ગંતવ્ય પર પહોંચી શકશે.

પીએમ મોદીએ કહ્યું કે પ્રદર્શનો અને આંદોલન દરમિયાન દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડવું એ ખોટી વાત છે. તેમણે કહ્યું કે જે આપણે પ્રદર્શનો અને આંદોલનોમાં જોઈએ છે. આ માનસિકતા દેશની સંપત્તિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડવાની છે. આપણે યાદ રાખવું જોઈએ કે આ સંપત્તિ કોઈ નેતા કે પક્ષની નથી, દેશની છે. સમાજના દરેક વર્ગનો તેમાં પરસેવો પડ્યો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યાઃ૮૦૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૪૩૪૫૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુઃ ૦૭

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૯૯૯

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૨૯૨૪૩

### મૃતદેહ પાસેથી સૂસાઈડ નોટ મળી

# કર્ણાટક વિધાનસભા પરિષદના નાયબ સ્પીકર એસડી ધર્મગૌડાએ આત્મહત્યા કરતા ચકચાર

બેંગ્લુરુ,તા.૨૯

કર્ણાટકની વિધાન પરિષદના નાયબ સ્પીકર એસ ડી ધર્મગોવડાએ આત્મહત્યા કરી હોવાનું મનાય છે. તેમના મૃતદેહ પાસેથી સૂસાઈડ નોટ મળી આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

કદૂર પાસે રેલવે ટ્રેક નજીક તેમનો મૃતદેહ મળ્યો હતો. તેમના મૃતદેહ પાસે સૂસાઈડ નોટ મનાતી એક ચિઠ્ઠી પણ મળી હતી. જો કે પોલીસે હજુ આત્મહત્યાના અહેવાલને પુષ્ટિ આપી નહોતી. પોલીસે ફક્ત એટલું કહ્યું હતું કે સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી હતી.

પોલીસે જણાવ્યા મુજબ જેડીએસના નેતા અને કર્ણાટક વિધાન પરિષદના નાયબ સ્પીકર એસ ડી ધર્મગોવડાનો મૃતદેહ રાત્રે બે વાગ્યે કદૂર પાસે રેલવે ટ્રેક નજીકથી મળી આવ્યો હતો. આ સંદેશો મળતાં પોલીસ તરત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી.

જેડીએસ પક્ષો પોતાના નેતાના મૃત્યુ અંગે દિલસોજી વ્યક્ત કરી હતી. ધર્મગોવડા એક સૌમ્ય અને શાંત સ્વભાવના નેતા હતા.

ધર્મગોવડાના મૃત્યુ અંગે અફસોસ વ્યક્ત કરતાં ભૂતપૂર્વ વડા પ્રધાન અને જેડીએસના નેતા એચ ડી દેવગોવડાએ આઘાતની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે વિધાન પરિષદના ડેપ્યુટી સ્પીકરે જીવન દોરી ટૂંકાવવી પડે એ અત્યંત ખેદજનક અને દુઃખદ ઘટના ગણાય. ધર્મગોવડા સજ્જન અને શાંત સ્વભાવના નેતા હતા. તેમને આત્મહત્યા કરવી પડે એ ખરેખર શોચનીય ગણાય. તેમના જવાથી રાજયને એક સારા નેતાની ખોટ પડી હતી.

કર્ણાટકના મુખ્ય પ્રધાન બી એસ યેદીયુરપ્પાએ પણ ધર્મગોવડાના આ પ્રકારના મૃત્યુ અંગે ઊંડો ખેદ વ્યક્ત કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# લોકડાઉનમા આમ પ્રજાને કુદરતી કળા જોવા મળી....પરંતુ.....!?

પૂર્ણતાના કિનારે પહોંચી ગયેલું અને અંત થવાની તૈયારીમાં ૨૦૨૦ ના વર્ષમાં કોરોનાવાયરસે દેશની પ્રજાને સારી અને ખરાબ બંને બાબતો બતાવી દીધી છે. ટૂંકમાં કુદરતે પોતાનો સાચો નજારો બતાવી દીધો છે... જે પૈકી આમ પ્રજા માટે સૌથી સારી બાબત એ બની રહી કે સરકારે જેની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છતાં તેમાં જોઈતી સંપૂર્ણ સફળતા મળી ન હતી અને આમ પ્રજા તેને કારણે વિવિધ રોગોમાં સપડાતી રહેતી હતી...અને તે છે પર્યાવરણ. સરકારે લોકડાઉન લાગુ કર્યા પછી દેશની આબોહવામાં ઘણો મોટો ફેરફાર થઈ ગયો હતો. હવા પ્રદૂષણ તદ્દન ઘટી ગયું હતું,હવા એકદમ સ્વચ્છ થઇ ગઈ હતી... કારણ વાહન વ્યવહાર તદ્દન બંધ હતો જેથી વાતાવરણમાથી પ્રદુષિત રજકણો, ધુમાડો વગેરે ગુમ થઈ ગયા હતા. તો હવા પ્રદુષણ ઓકતા અનેક કેમિકલ પ્રદુષણ કે અન્ય ઝેરી ધુમાડો ઓકતા નાના- મોટા ઉધોગો, ધંધા બંધ હતા... પરિણામે હવામાંનુ પ્રદૂષણ ખતમ થઈ ગયું હતુ તે કારણે હવા સ્વચ્છ થઈ ગઈ હતી અને ઓઝલ રહેતા દૂરના સ્થળો નરી આંખે સ્પષ્ટ જોવા મળતા થઈ ગયા હતા. તે સાથે ખરાબ પાણી કે કેમીકલયુક્ત પાણી છોડતા નાના -મોટા તમામ પ્રકારના ઉધોગો બંધ હતા જેથી નદીમાં પ્રદુષિત પાણી છોડવાનું બંધ થયું અને મોટાભાગની નદીઓમાં પાણી સ્વચ્છ થઈ ગયા જેના કારણે કાચની જેમ પાણી નીચે- તળીયે પડી રહેલી ચીજ વસ્તુઓ પણ સ્પષ્ટ દેખાવા લાગી હતી. જ્યારેકે અગત્યની બાબત એ રહી કે કોરોના મહામારી વચ્ચે રોજેરોજ દેખાતા અનેક રોગો બાબતોની ફરિયાદો બંધ થઈ ગઈ તેમજ તેના કેસો નોંધાતા બંધ થઈ ગયા હતા... જેમ કે શરદી, તાવ, માથાનો દુખાવો, સાંધાના તથા સ્નાયુના કે પેટના દુખાવા, દમ તથા શ્વાસની તકલીફો, એક્સિડન્ટો સહિતના બનાવો બધું જ અટકી ગયુ હતુ. જ્યારે કે શહેરોમાંથી ગુમ થઈ ગયેલા વિવિધ પક્ષીઓ શહેરમાં દેખાવા સાથે ઉડતા, હરતા- ફરતા જોવા મળવા લાગ્યા હતા.... ત્યારે શહેરના બાળકોને નવીનતા લાગતી હતી.... પરંતુ આમ પ્રજા કુદરતનો સાચો આનંદ અનુભવી રહી હતી... એક ગ્રામ્ય જીવનનો કુદરતી નજારો......!

દેશમાં અનલોક જાહેર થતા ધીરે ધીરે હવા પ્રદૂષણ, અવાજ પ્રદષણ, એકસીડન્ટ કેસો વગેરે વધવાની શરૂઆત થઈ ગઈ. આજે નદીઓના પાણી પણ પ્રદૂષિત થઈ ગયા છે કારણ વાહન વ્યવહાર ધમધમતો થઇ ગયો છે... તો કારખાનાઓ ધબકતા થઈ ગયા છે, નાના-મોટા ધંધાઓ, વિવિધ બજારો ખુલી ગયા છે તે સાથે કચરો અને ગંદકી ફેલાવાનુ તેમજ હવા પ્રદૂષણ- વાયુ પ્રદુષણ ફેલાવાનું શરૂ થઈ ગયું છે. સરકારની વારંવાર કોરોનાથી બચવા માટેના નિયમોની ચેતવણી છતાં અનેક લોકો સમજવા તૈયાર નથી એ ઉડીને આંખે વળગે તેવી બાબત છે તંત્ર માસ્ક ન બાંધનારાઓ રાજકીય કાર્યકરો સિવાયના લોકો પાસેથી કરોડો રૂપિયા દંડ વસૂલ્યો છે.... પરંતુ હવા પ્રદૂષિત કરતા,પાણી પ્રદુષિત કરતા ઉધોગો ધબકવા સાથે યથાવત રીતે પ્રદૂષણ છોડવાનુ શરૂ કરી દીધુ છે.પરિણામે કુદરતી નજારો ઓઝલ થવા લાગ્યો છે.હવા,પાણી પ્રદુષણ અટકાવવા કે રોકવા તંત્ર સજાગ થશે કે કેમ તે મોટો પ્રશ્ન છે....?!

# આરજેડીની નીતિશ કુમારને ઓફર તેજસ્વીને મુખ્યમંત્રી બનાવો, ૨૦૨૪માં ખુદ વડાપ્રધાનનો ચહેરો બનો



પટણા,તા.૨૯

બિહારના રાજદ પક્ષે હાલના મુખ્ય પ્રધાન નીતિશ કુમારને એવી ઑફર કરી હતી કે તમે તેજસ્વી યાદવને મુખ્ય પ્રધાન બનવા દો, હવે પછીની સંસદીય ચૂંટણીમાં અમે તમને વડા પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરીશું.

અરુણાચલ પ્રદેશની ભાજપ સરકાર સ્થિર હોવા છતાં અને કોઇ ઈમર્જન્સી નહીં હોવા છતાં ભાજપે ગયા સપ્તાહે અરુણાચલ પ્રદેશમાં જદયુના છ ધારાસભ્યોને ફોડીને ભાજપના સભ્ય બનાવ્યા હતા. આથી નીતિશ કુમાર ગુસ્સે થયા હતા. અગાઉની તેમની નારાજી તો હતીજ . બિહાર વિધાનસભાની ચૂંટણી વખતે જદયુને ઓછી બેઠકો મળે એવા હેતુથી ભાજપે લોજપના ચિરાગ પાસવાનને ઊભો કર્યો હતો. ભાજપની એ ચાલ સફળ નીવડી હતી.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં રાજદ સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો હતો. બીજા ક્રમે ભાજપ આવ્યો હતો અને જદયુ ત્રીજા ક્રમે આવ્યો હતો. નીતિશ કુમાર સિવાય કોઇને મુખ્ય પ્રધાન બનાવી શકાય એમ નહોતા એટલે ભાજપે નીતિશનેજ શાસન ધુરા સોંપી હતી. પરંતુ અરુણાચલ પ્રદેશની ઘટનાએ નીતિશને વધુ નારાજ કરી દીધા. કોઇ કારણ વિના અરુણાચલ પ્રદેશના અમારા સભ્યોને કેમ તોડ્યા. નીતિશ કુમારે મુખ્ય પ્રધાનપદ છોડવાની ધમકી સુદ્ધાં ઉચ્ચારી.

આ પરિસ્થિતિનો લાભ લેતા લાગ જોઇને રાજદે સોગઠી મારી. રાજદે નીતિશ કુમારને એવી ઑફર મોકલી કે અમારી સાથે જોડાઇ જાઓ. આપણે ભાજપને રઝળતો કરી દઇએ. તમે તેજસ્વીને મુખ્ય પ્રધાન બનાવો અમે તમને વડા પ્રધાનપદના ઉમેદવાર બનાવીશું.

# ક્રૂડ તેલમાં ૯,૦૩,૫૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૧૧નો સુધારો

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૯૨,૧૨૧ સોદામાં રૂ.૧૧,૬૯૮.૬૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું. સોનું, સોનું-મિની અને ગોલ્ડ પેટલના વાયદા વધવા સામે ગોલ્ડ-ગિનીનો વાયદો ઘટી આવ્યો હતો. આ સામે ચાંદીના વાયદામાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. એલ્યુમિનિયમ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ એકંદરે ઢીલી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ૯,૦૩,૫૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૧૧નો સુધારો થયો હતો. નેચરલ ગેસ પણ વધ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ અને કોટનના વાયદા વધવા સામે સીપીઓ અને રબર ડાઊન રહ્યા હતા. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૩૧૦૭૫ સોદાઓમાં રૂ.૭૧૫૧.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૧૪૧ અને નીચામાં રૂ.૪૯૯૨૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩ વધીને રૂ.૫૦૦૩૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૭ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૨૯૨ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૫૦૦૯ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ વધીને બંધમાં રૂ.૪૯૭૮૧ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૫૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૭૭૦ અને નીચામાં રૂ.૬૭૮૦૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૩૫ ઘટીને રૂ.૬૮૩૮૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૨૬ ઘટીને રૂ.૬૮૩૩૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૪૨૯ ઘટીને રૂ.૬૮૩૩૬ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૦૭૬૧ સોદાઓમાં રૂ.૧૫૫૪.૩૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૫૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૫૭ અને નીચામાં રૂ.૩૫૦૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧ વધીને રૂ.૩૫૫૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૯૮૩ સોદાઓમાં કુલ રૂ.૨૨૬.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૨૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૨૮૦ અને નીચામાં રૂ.૨૦૨૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૦ વધીને રૂ.૨૦૨૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૬૦.૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૪ ઘટીને બંધમાં રૂ.૯૬૭ ના ભાવ હતા, જ્યારે કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૭૬.૫ અને નીચામાં રૂ.૧૧૬૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪.૫૦ વધીને રૂ.૧૧૭૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૪૧૪ સોદાઓમાં કુલ રૂ.૨૯૯૭.૨૭ કરોડ ની કીમતનાં ૫૯૯૩.૫૮૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૧૦૬૬૧ સોદાઓમાં કુલ રૂ.૪૧૫૩.૯૬ કરોડ ની કીમતનાં ૬૦૭.૯૫૮ ટન, ક્રૂડ તેલમાં ૫૭૨૫ સોદાઓમાં રૂ.૩૧૯.૩૪ કરોડનાં ૯૦૩૫૦૦ બેરલ્સ, કોટનમાં ૨૭૫ સોદાઓમાં રૂ.૨૫.૨૧ કરોડનાં ૧૨૩૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૫૬૦ સોદાઓમાં રૂ.૧૯૫.૧૧ કરોડનાં ૨૦૨૮૦ ટન, મેન્થા તેલમાં ૩૪ સોદાઓમાં રૂ.૩.૯૦ કરોડનાં ૩૮.૮૮ ટન, કપાસમાં ૧૫ સોદાઓમાં રૂ.૩૭.૫૭ લાખનાં ૬૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૮૩૮.૨૭૩ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૭૫.૨૦૫ ટન, ક્રૂડ તેલમાં ૧૬૯૩ બેરલ્સ, કોટનમાં ૯૭૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૦૧૪૫૦ ટન, મેન્થા તેલમાં ૧૪૦.૪ ટન અને કપાસમાં ૪૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૬૯.૫ અને નીચામાં રૂ.૫૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૭૫ અને નીચામાં રૂ.૬૩૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૯૦ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૧૦૦.૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૦૦.૫ અને નીચામાં રૂ.૨૭૩૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯૦૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૨૯.૫ અને નીચામાં રૂ.૫૫૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૬૩ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૬૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯.૮ અને નીચામાં રૂ.૧૦૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૭.૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૨૮ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૩.૭ અને નીચામાં રૂ.૧૧૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૭.૮ બંધ રહ્યો હતો.

# બૉક્સિંગ ડે ટેસ્ટ: ભારતનો ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ આઠ વિકેટે વિજય



મેલબર્ન,તા.૨૯

ભારતે ઓસ્ટ્રેલિયાને બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે ૮ વિકેટે હરાવ્યું હતું. અજિંક્ય રહાણે બ્રિગેડે વિરાટ કોહલીની આગેવાનીમાં મળેલી પ્રથમ ટેસ્ટની હારનો બદલો મેલબોર્નમાં લઈ લીધો છે. અહીં ભારતીય ટીમે બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે વિરોધી ટીમ ઑસ્ટ્રેલિયાના ૮ વિકેટે હરાવ્યું છે. જીતવા માટે મળેલા ૭૦ રના લક્ષ્યાંકને ભારતીય ટીમે ૨ વિકેટ ગુમાવીને પ્રાપ્ત કરી લીધો હતો. આ સાથે જ ૪ મેચોની સિરીઝ ૧-૧થી બરાબર થઈ ગઈ છે. હવે શ્રેણીની ત્રીજી ટેસ્ટ ૭ જાન્યુઆરીથી રમાશે. ઈન્ડિયાના કેપ્ટન અજિંક્ય રહાણેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો છે. એની સાથે જ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ રહાણેને મુલાગ મેડલથી સન્માનિત કર્યો છે. ઓસ્ટ્રેલિયા ક્રિકેટએ ટેસ્ટ પહેલાં જ પ્લેયર ઓફ ધ મેચને મુલાગ મેડલ આપવાની જાહેરાત કરી હતી.

અગાઉ એડિલેડમાં ઓસ્ટ્રેલિયન ટીમે વિરાટ કોહલીની કેપ્ટનશિપમાં ઉતરેલી ટીમ ઈન્ડિયાને ખરાબ રીતે હરાવી હતી. જો કે કોહલીને ગેરહાજરીમાં અજિંક્ય રહાણેને ટીમની કેપ્ટનશીપ મળી. જેણે ઓસ્ટ્રેલિયન ટીમને હરાવીને પ્રથમ મેચનો બદલો લઈ લીધો હતો.

એડિલેટ ટેસ્ટની બીજી ઈનિંગ્સમાં ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયાએ ૩૬ રન પર ઓલઆઉટ કરીને ૮ વિકેટે મેચ જીતી હતી. જો કે મેલબર્નમાં ભારતીય ટીમે શાનદાર વાપસી કરતા એસ્ટ્રોલિયન ટીમને તેમના હોમ ગ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર જીત સુધી પહોચવા માટે ભારતીય ટીમે ૨ વિકેટ ગુમાવવી પડી હતી. ૧૬ રનના સ્કોર પર મયંક અગ્રવાલ (૫)ને મિશેલ સ્ટાર્કે આઉટ કર્યો હતો. ચેતેશ્વર પૂજારા (૩) પણ ૧૯ રનના સ્કોર પર પેટ કમિન્સે પોતાનો શિકાર બનાવ્યો હતો. તે બાદ કેપ્ટન અજિંક્ય રહાણે (અણનમ ૨૭ રન) અને શુભમન ગિલ (અણનમ ૩૫ રન) ટીમને મેચ જીતાડી હતી. જોકે, આ દરમિયાન રહાણેનો લોન્ગ ઓન પર કેચ છૂટી ગયો હતો.

ભારત અને ઓસ્ટ્રેલિયા (૧૯૪૭-૨૦૨૦) વચ્ચે આ ૧૦૦મી ટેસ્ટ મેચ હતી અને ભારતના નિયમિત કેપ્ટન વિરાટ કોહલીની ગેરહાજરીમાં ભારતને આ યાદગાર જીત મળી છે. ઓસ્ટ્રેલિયા પર ભારતની આ ૨૯મી જીત છે, જોકે, આ પહેલા સુધી તેને ૪૩ મેચમાં હાર મળી છે.

ઓસ્ટ્રેલિયાએ ત્રીજા દિવસે રમત પૂર્ણ થવા સુધી ૬ વિકેટે ૧૩૩ રન બનાવ્યા હતા અને તે ભારતથી માત્ર ૨ રન આગળ હતું. ચોથા દિવસની સવારે કંગારૂ ટીમે પુછડીયા બેટ્સમેનોની મદદથી ૬૭ રન જોડ્યા હતા. લંચના સમયે ઓસ્ટ્રેલિયા ૨૦૦ રનમાં ઓલ આઉટ થઇ ગઇ હતી.

ભારતને જીતવા માટે ૭૦ રનનો પડકાર મળ્યો હતો જે તેને આસાનીથી મેળવી લીધો હતો. બીજી ઈનિંગ્સમાં બુમરાહે-૨,ઉમેશ યાદવે-૧, સિરાઝે-૩ તો અશ્વિન-જાડેજાએ બે-બે વિકેટ ઝડપી હતી. ભારતે કેપ્ટન અજિંક્ય રહાણે (૧૧૨ રન) સદી અને રવિન્દ્ર જાડેજા (૫૭)ની અડધી સદીની મદદથી પોતાની પ્રથમ ઈનિંગ્સમાં ૩૨૬ રન બનાવી ૧૩૧ રનની લીડ મેળવી હતી. ઓસ્ટ્રેલિયાએ પોતાની પ્રથમ ઈનિંગ્સમાં ૧૯૫ રન બનાવ્યા હતા.

# શિયાળામાં લાંબા સમય સુધી કોરોના જીવીત રહેવાનો ચોંકાવનારો ખુલાસો

વોશિંગ્ટન,તા.૨૯

કોરોના મહામારીની વિરુદ્ધ આખી દુનિયા જંગ લડી રહ્યું છે. ત્યારે હાલમાં જ કરાયેલ એક અભ્યાસમાં ઠંડી દરમિયાન કોરોના વાયરસના વ્યવહારને લઈને કેટલીક નવી જાણકારીઓ સામે આવી છે જે જાણવી આપણા માટે જરૂરી છે. મેડિકલ જર્નલ બાયોકેમિકલ એન્ડ બાયોફિજિકલ રિસર્ચ કમ્યુનિકેશન્સમાં પ્રકાશિત રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તાપમાનમાં ઘટાડાની સાથે જ વિવિધ સપાટી પર કોરોના વાયરસ લાંબા સમય સુધી જીવિત રહેશે. વૈજ્ઞાનિકોએ કાચ પર કોરોના વાયરસની અસરનો અભ્યાસ કર્યો છે. સામાન્ય તાપમાન અને ઓછા તાપમાનને લઈને કરવામાં આવેલ અભ્યાસમાં મળી આવ્યુ છે કે ઠંડા હવામાનમાં વાયરસ લાંબા સમય સુધી સક્રિય રહે છે.

ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના એક રિપોર્ટ પ્રમાણે લાંબા સમય સુધી પ્રદૂષણના પ્રભાવમાં રહેવાથી કોવિડ-૧૯થી મોતનો ખતરો વધી શકે છે. તો શિયાળાના દિવસોમાં પ્રદૂષણનો ખતરો પણ વધી જાય છે. એવામાં પ્રદૂષણથી બચવાના તમામ ઉપાય પણ થવા જોઈએ. ઠંડીના દિવસોમાં શરદી-ઉધરસ સામાન્ય વાત છે. આ દિવસોમાં લોકો મોટી સંખ્યામાં નિમોનિયાનો શિકાર થઈ જાય છે. જો નિમોનિયાના લક્ષણ દેખાય તો, તેને હળવાશમાં ન લો. ડૉક્ટરને દેખાડો અને જરૂરી હોય તો કોરોનાની તપાસ કરાવો. સામાન્ય તો કોરોના વાયરસની સૌથી ખતરનાક વાત એ છે કે, તેના લક્ષણ મોડેથી નજર આવે છે.

# સંબંધમાં સંકડામણ, તણાવની અકળામણ

જીવનમાં ફક્ત કોઇ જગ્યા કે સ્થળમાં જ સંકડામણ થતી હોય તેવું નથી. બે વ્યક્તિ વચ્ચે બંધાયેલા સંબંધમાં પણ સંકળામણ થતી જોવા મળે છે. જ્યારે પતિ-પત્ની વચ્ચે દાંમ્પત્ય જીવનમાં ખટાશ આવે કે બંને એકબીજાને સમય ન આપી શકતા હોય ત્યારે આ પ્રકારની સમસ્યા ઊભી થાય છે. બંનેના મન-ઉપવનમાં એકબીજાનીસાથે મનભરીને કરવા માટે અનેક વાતો હોય છે. પરંતુ પતિ તેના નોકરી-ધંધામાંથી સમય કાઢીશકતો નથી અને પત્ની ઘરની જવાબદારી અને બાળકોમાંથી ક્યારેય સમય ફાળવી શકતી નથી.






લગ્નજીવનની શરૂઆતમાં બંને વચ્ચે જે પ્રેમ અને વિશ્વાસ હોય તેમાં સમય જતાં વિશ્વાસ તો જળવાઇ રહેતો હોય છે, પણ પ્રેમ ક્યાંક ખોવાઇ જાય છે. બંને પોતપોતાની જવાબદારીના કારણે એકબીજા પ્રત્યેના પ્રેમને પહેલાની જેમ વ્યક્ત કરી શકતા નથી. આવા સમયે એકબીજા પ્રત્યે મનમાંને મનમાં ગુસ્સો આવવા લાગે છે. બંને વચ્ચેના સંબંધમાં પ્રેમને શોધવો અને તેને કેવી રીતે વ્યક્ત કરવો તેની સંકડાશ ઊભી થાય છે. દરેક વ્યક્તિ તેના કામ અને પરિવારમાં વ્યસ્ત હોય જ છે, પણ તેમાંથી જો થોડો સમય પણ પતિ-પત્નીએ એકબીજા માટે કાઢવો હોય તો તે કોઇ મુશ્કેલ કામ નથી.પતિ-પત્ની પહેલાની જેમ સાથે સમય વિતાવી ન શકે તેવું બની શકે; પણ બંને એકબીજા સાથે સમય વિતાવવાના અનેક માર્ગ તો શોધી જ શકે છે. પતિના પોતાના મનમાં પત્ની માટે રહેલી વાતો કે પ્રેમને તે વ્યક્ત કરવા ઈચ્છતો હોય છે. તો પત્ની માટે પણ આવું જ હોય છે. પણ ક્યારેક સમયનો અભાવબંનેને એકબીજાથી દૂર કરી દે છે. જેના કારણે બંને વચ્ચે સંબંધમાં સંકડામણ આવી જાય છે. સાથે જ તેનાથી તણાવ ઉત્પન્ન થાય છે. તેથી સંબંધમાં અને મનમાં ઊભા થનારા આ તણાવથી બચવા માટે દરેક પ્રકારનો સંભવિત પ્રયાસ કરવો જોઇએ. તણાવને દૂર કરવા માટે તેને દૂર કરવાના ઉપાય શોધવા જોઈએ. તેનું કારણ શોધીને તેનું નિવારણ તરત જ કરવું જોઇએ. પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં તણાવઆવે જ નહિ,તેવા પ્રયત્ન કરવા જોઇએ. જ્યારે પણ લાગે કે હવે કોઈ વાત મન પર અસર કરવા લાગી છે અને તેનાથી સામેવાળી વ્યક્તિ પ્રત્યે નિરસતા ઊભી થવા લાગે છે, તો તરત જ તે વિષયની ચર્ચા કરો. સંબંધમાં આવું શા માટે થઇ રહ્યું છે, તે શોધીને તેને દૂર કરવું હિતાવહ છે. જો તણાવ વધવા લાગશે તો બંને વચ્ચેના સંબંધમાં જે સંકડામણ ઊભી થશે, તેનાથી બંને વચ્ચે એક દીવાલ ઊભી થવા લાગશે. સંબંધમાં આ પ્રકારની દીવાલો ઊભી થાય તો લાંબા ગાળે તે સંબંધમાં અકળામણ આવવા લાગે છે. જોકે તણાવ કોઈપણ સંબંધમાં આવી શકે છે, પણ પતિ-પત્નીના સંબંધમાં તેની અસર બંનેની સાથે પરિવાર ઉપર પણ પડે છે. તેથી જ કેટલોક સમય એકબીજા માટે કાઢવો ખૂબ જ જરૂરી છે. આ સમસ્યાથી બચવા માટે અને સંબંધને સંકડામણનો અનુભવ લેવો ન પડે તે માટે કેટલીક બાબતોનું જીવનમાં ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે.

--- મનને શાંત રાખો, ધ્યાન કરો અને સાથે યોગ અને હળવી કસરતો પણ કરો. તેનાથી થોડો સમય એકબીજા સાથે વિતાવવાની તક મળશે.

--- તણાવનું કારણ શોધો અને તેને દૂર કરો.

--- બંને સાથે બેસીને એકબીજાને મનગમતા ગીતો સાંભળી શકો છો. સંગીતથી મનને ખૂબ શાંતિ મળે છે. તે સિવાય જ્યારે પણ એકબીજા વચ્ચે તણાવ હોવાનો અનુભવ થાય ત્યારે પણ મનગમતા ગીતો સાંભળીને તમે તમારા મનની સ્થિતિને બદલી શકો છો. જીવનસાથી પ્રત્યે તણાવની શરૂઆત થાય એવું લાગે ત્યારથી જ તમારું મન કોઇ સારા અને મનગમતા કામ તરફ વાળી દેવું.

--- બંને ડાન્સ, જીમ કે કોઇ સ્પોર્ટ્સ સંકુલમાં સાથે જઇ શકો છો. બેમાંથી કોઇ એકને રુચિ હોય તો સાથે, સમય વિતાવવાના બહાને પણ તેમની સાથે જઇ શકો છો.

--- બની શકે તો રોજ સાંજે અડધો કલાક કે કલાક સાથે ચાલવા જાઓ.

--- વિચારોમાં હંમેશા હકારાત્મક અભિગમ જળવાઇ રહે તેવા પ્રયત્ન કરો.

--- ખોરાક પર ખાસ ધ્યાન આપો. તેનાથી મન તાજગી અનુભવે છે.

--- રાત્રે સૂવાનો અને સવારે ઊઠવાનો યોગ્ય સમય નક્કી કરો. આ બંને સમયે પણ તમે અડધો કલાક એકબીજા સાથે પસાર કરી શકો તેવી અનુકૂળતા ગોઠવી શકાય છે.

--- જો સંયુક્ત કુટુંબમાં રહેતા હો તો પરિવારના અન્ય સભ્યોને પણ તમારી સાથે તમારા કાર્યમાં સામેલ કરી શકો છો.

--- રોજ કસરત અને પ્રાણાયામ કરો.

--- અઠવાડિયામાં એકવાર સાથે બહાર જઇ શકો છો.

---બની શકે તો તણાવની વચ્ચે શારીરિક સંબંધથી દૂર રહેવું. લાગણી વગરની માગણી ક્યારેક મનમાં વધારે પ્રમાણમાં નકારાત્મકતા ઊભી કરવા લાગે છે.

--- બંનેએ એકબીજાનો આદર અને સન્માન કરવું જોઈએ.

--- ક્યારેક શક્ય હોય તો એકબીજા સાથે ફરવા પણ જઇ શકો છો. તેનાથી એક નવા પ્રકારની લાગણીનો સંચાર કરી શકશો. કહેવાય છે કે પોતાની રુચિ પ્રમાણે કામ કરવાથી મનને તાજગીનો અનુભવ થાય છે, તણાવ દૂર થાય છે.જો તમને વાંચનનો શોખ હોય તો તે પણ પૂરો કરી શકો છો. તેનાથી તમને વધારે આરામ મળશે. તે સિવાય પણ એક શ્રેષ્ઠ ઉપાય છે, તમારા મનમાં ઊભા થયેલા તણાવને તમે ડાયરીમાં લખીને પણ દૂર કરી શકો છો. પરિવારની સાથે સમય પસાર કરવાથી તણાવ મુક્ત બની શકાય છે, તે વાતમાં બે મત નથી. આવા સમયે તમે તમારા સાથી સાથે બને તેટલી વધારે પ્રવૃત્તિ કરો તો તણાવને દૂર કરવાનો પણ પ્રયત્ન કરી શકશો અને જે પ્રેમની સંકડામણ ઊભી થઇ છે, તે ફરીથી એકબીજાના મનમાંથીદૂર થઈ જશે. તમે અકળામણને દૂર પણ કરી શકશો.મન મોકળું થતાની સાથે જ પોતાના સંબંધને સુમધુર અને તાજગીસભર પણ બનાવી શકશો.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ વિરહ,વેદના,ચાહના વિષય અંતર્ગત આજે છ રચનાઓ ગ્રુપ મેમ્બરો ની પ્રસ્તુત છે

---

NOG SS No : 0077
વિભાગઃગદ્ય
વિષયઃવિરહ
શીર્ષકઃવિરહની વેદના

મેં બહુજ નાની ઉંમરે માબાપ ગુમાવ્યાં. મને કાયમ જ એમ લાગ્યાં કર્યું છે કે," એ થોડુંક વધુ જીવ્યાં હોત તો હું એમનો સહવાસ વધુ માણી શકત..!"

બધું જ આપણું ધાર્યું થતું હોય તો પછી ઈશ્વરને કોણ પૂછે કે પૂજે..!

મારા લગ્ન પછી મને એમની ખોટ વધારે વર્તાય છે એમ થાય કે ક્યાંક મન વિસારો કરવો હોય તો કોની આગળ કરવો..? અમે ત્રણ બહેનો ,ભાઈ નથી. બહેનો પોતપોતાના સંસારમાં પરોવાયેલી હોય .હું સૌથી નાની એટલે મને મમ્મી- પપ્પા વધારે યાદ આવતા હશે...!

એવું બને ખરું?

મારો જવાબ તો હા જ હશે.

માબાપનો વિરહ એ એવી બાબત છે કે એને માટે તમે ક્યારેય તૈયાર હોતા જ નથી..! અચાનકના વિરહની વેદના વધારે વસમી લાગતી હોય છે.

મારી મમ્મીનાં ગયા પછી મારાં પપ્પાજી બહુજ ગુમસુમ રહેતા.મમ્મીની પાછળ ફક્ત છ જ મહિનામાં એ પણ ચાલ્યાં ગયાં..!

ઉપરાઉપરી બંનેના ચાલ્યાં જવાથી મારે માટે મારી જાતને સંભાળવી કપરી વાત હતી.

મારી નાની દીકરીને તો નાના નાનીનો પ્રેમ જ ના મળ્યો..!

એણે મોઢું જ નથી જોયું, બધાંય બાળકો મોસાળ જાય અને મોસાળમાં વેકેશન મનાવ્યાંની ભરપૂર વાતો કરે. હજુય એ વાતનો જીવ બાળે છે. એને મોસાળ એટલે શું..!

નાના-નાનીનાં લાડ પ્યાર એટલે શું એ જ

ખબર નથી..!

આપણાં મા-બાપ એમનાં વ્યાજનાં વ્યાજને ડબલ પ્રેમ કરતાં હોય છે એ જગજાહેર હકિકત છે. એમની વાર્તા કહેવાની રીતો, વસ્તુને પોતાની આગવી ઢબે સમજાવવાની રીતજ અનોખી હોય છે.એમનાં અનુભવનું ભાથું આપણને તો મદદરૂપ થાય જ પણ આપણાં બાળકો માટે તો એક જીવતી જાગતી યુનિવર્સિટી ...!.

પ્રેક્ટીકલનાં ભાગરૂપે રમતાં રમતાં શીખવે એવી...!

કાશ...!!

હવે તો એ બંને નથી પણ એમના સંસ્કાર અને એમની રહેણીકરણી, વાતચીત કરવાની રીતભાત હજુય મારામાં ઝળકે છે.એટલે હું માનું છું કે એ બંને મારા વ્યક્તિત્વમાં અકબંધ છે, સદૈવ ...અહર્નિશ..!

મારા પપ્પાજી કાયમ કહેતાં તમે તમારા બાળકોને સારા સંસ્કારો આપ્યાં છે તે ત્રીજી પેઢીમાં દેખાવા જોઈએ..! મારી બંને દીકરી એ વાત સાર્થક કરી રહી છે એ વાતનો મને ગર્વ છે.

બીજું તો શું કહું?

વિરહની વેદના એ તો અનુભૂતિનો વિષય છે એને ગમે તેટલું શબ્દોની રંગોલી થકી વર્ણવો પણ ભાવનાત્મક જોડાણને હૃદયમાં સ્થાપિત ઉર્મિ થકી જ અનુભવાય.

અસ્તુ.

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

NOG SS No.0007
વિભાગ : ગદ્ય
શીર્ષક : વિરહ

વિરહ એટલે શું? જુદાં થવું?અલગ થવું ? દૂર થવું કે પછી જુદાં પડીને પાછા મળવાની ઘડીની રાહ જોવી? અથવા જુદાઈ અને મિલન વચ્ચેનો જે સમય છે તેને ભરપૂર માણવો. જુદાઈ ની લાગણીને સમજવી ખૂબ જ અઘરી છે. માના ગર્ભમાંથી બાળક અવતરે છે ત્યારે તે બાળક માની ગર્ભની નાળથી કપાઈને જ દૂર થાય છે અને બહારની દુનિયાના કેટલાય લોકો સાથે નવા સંબંધોથી જોડાય છે. પોતાની નાળથી બાળક દૂર થાય છે ત્યારે મા ને દુઃખ નથી થતું, પરંતુ એક આનંદની લાગણી થાય છે. આ તે કેવી જુદાઈ! એ જ રીતે દીકરી પરણીને વિદાય લે છે ત્યારે મા-બાપને સમજ નથી પડતી કે દીકરીની જુદાઈથી દુઃખી થઈએ કે દીકરી જે નવું જીવન શરૂ કરવા તરફ પગરણ માંડી રહી છે એનો આનંદ લઈએ. જુદાઈ પછી મિલન અને મિલન પછી પાછી જુદાઈ એતો કુદરતનો ક્રમ છે. કૃષ્ણ ગોકુળ છોડીને મથુરા જાય છે ત્યારે ગોકુળ વાસીઓથી, ગોપીઓથી, જશોદા અને નંદ બાવાથી કૃષ્ણ નો વિયોગ અસહ્ય થઈ જાય છે. તેઓ કાયમને માટે જુદાં થઈ ગયા છે, ફરી ક્યારે મળશે એની ખાતરી નથી. છતાં આજે પણ કૃષ્ણની લીલાઓ આપણે સાંભળીએ છીએ ત્યારે લાગે છે કે કૃષ્ણ તો ગોકુળથી ક્યારેય ગયાં જ નથી. એ તો આજે પણ ત્યાંના કણ-કણમાં વસે છે. દશરથ રાજાએ કૈકયીના કહેવાથી રામને વનવાસ તો આપ્યો. પરંતુ પ્રત્યક્ષ રીતે નહીં તો પરોક્ષ રીતે દેહ ત્યાગીને રાજા દશરથે રામ સાથેની જુદાઈને મિલનમાં ફેરવી નાખી. છેલ્લા શ્વાસ સુધી રામ રામ કરતાં તેઓ રામમાં એકાકાર થઈ ગયા.રાવણે જ્યારે સીતાનું હરણ કર્યું અને અશોકવાટિકામાં રાખ્યાં, ત્યારે રામના વિયોગને સીતાજ સમજી શકે. તે જ રીતે સમુદ્રના જળ પોતાનાજ જળથી વરાળના રૂપમાં જુદાં થઈ ને વાદળમાં ભળે છે અને પાછા વાદળથી જુદાં થઈને વર્ષાના સ્વરૂપમાં દરિયાનાં જળમાં પડે છે. આ જુદાઈ મિલન અને પાછા મિલન જુદાઇ ની અનુભૂતિજ કંઈક અદ્ભુત છે.પારેવડાં પોતાનાં બચ્ચાંને જ્યાં સુધી પાંખો ન આવે, તે ઉડતાં ન શીખે ત્યાં સુધી જ પોતાની હૂંફ આપે છે. પણ જેવું તે ઉડતાં શીખે છે તેવું જ તે પક્ષી પોતાનાં બચ્ચાંને ચાંચ મારી મારીને પોતાનાથી દૂર થવાના સંકેત આપે છે. અને એ બચ્ચું આખરે પોતાની જનેતાથી જુદું થઈને પોતાના માટે નવું વૃક્ષ શોધી લે છે. આને આપણે જુદાઈ કહેશું કે સ્વતંત્રતા? જ્યારે બીજી તરફ નદીના બે છેડા, દરિયાના બે કિનારા સદીઓ સુધી સાથેને સાથે રહે છે.છતાં તે ક્યારેય એકબીજાને મળતાં નથી. દૂર ક્ષિતિજમાં નિહાળો તો લાગે છે જાણે ધરતી અને આકાશનું ત્યાં મિલન થાય છે. પરંતુ આ મિલન કોઈ સદીમાં થયું નથી. ઊંચા પર્વતોને નીહાળવાથી હંમેશા લાગ્યા કરે તે ગગનને મળવા સદીઓથી ઝઝૂમે છે. પરંતુ પર્વત અને ગગનનું મિલન ક્યારેય શક્ય નથી. આ સર્વેને છતાં પણ જાણે મિલનની એક આશ છે અને એ મિલનની આશમાં નદી ક્યારેય પોતાના કિનારા છોડીને જતી નથી. દરિયા એ પોતાના આ વિરહની વેદનાને પોતાની અંદરજ ખારાશ બનાવીને સમાવી લીધી છે.એ પર્વતો આજે પણ ગગન સાથેના મિલનની આશામાં ને આશામાં ગગન તરફ મીટ માંડીને અડીખમ ઊભાં છે.વિરહની ખરી વેદના તો કોઈ પ્રેમી પંખીડા પાસેથી જ જાણવા મળે. આ વિરહની વેદના કેટલી અસહ્ય છે તે જણાવવા કવિ 'કાન્તે' લખ્યું છે કે ,

સાંજ પડે દિન આથમે, ચકલી બેઠી રોઈ,
ચાલો ચકવા જઈએ, જ્યાં સાંજ ન પડતી હોય

લેખિકા : આરતી મરચંટ
મુંબઈ : કાંદિવલી.

---

NOG સાહિત્ય સરિતા
NOG SS No :0080
પ્રકાર - ગદ્ય (લઘુકથા )
શીર્ષક - વેદના

"હેપ્પી બર્થડે ડે ટુ યુ.. હેપ્પી બર્થડે ડિયર ઇવા..... " કેક કપાઈ, બધાએ ઇવાને શુભેચ્છાઓ આપતા આપતા સાથે ફ્રેન્ડ્સ પોતે લાવેલ ગિફ્ટ પણ આપતાં જતા હતા.

પછી મ્યુઝિકનાં સથવારે બધા ફ્રેન્ડ્સએ ઇવા સાથે ડાન્સ પણ કર્યા. અલગ અલગ ગેમ રમવાની પણ બધાને મજા આવી.

ગીરાએ અગાઉથી જ પાઉંભાજી બનાવીને તૈયાર જ રાખી હતી. વારાફરતી બધાંને જમવાનું આપી રિટર્ન ગિફ્ટ આપી ઇવાની બધી ફ્રેન્ડ બાય બાય કરી કિચનમાં આવતી હતી ત્યાં વચ્ચે જ પાઉંભાજીની પીરસેલી પ્લેટ સાથે રાજ ગીરા સામે અથડાયો.

" બહુ ઉતાવળ તને તો જમવાની, મારી રાહ પણ નથી જોવાતી? " " અરે, આ.. તો.. મમ્મી માટે લઈ જાઉં છું અંદર.. એમને રાતે મોડું જમવાનું ફાવતું નથી.. ને.. એટલે. "

હાથમાંથી પ્લેટ ઝૂંટવી લઈને સીધી અંદર જઈ એમાંથી અડધા કરતા વધારે ઓછું કરી આવી, ને પાઉં ને બદલે સવારની બનાવેલી એક રોટલી મૂકી દીધી.

"અરે, આમાં કેમ આવું કર્યું? "

" એ તને સમજ ન પડે ! રાતે મમ્મી આવું બધું ખાય ને પછી પેટ બગડે ! અને તબિયત બગડે તો તું સેવા કરીશ?"

નીલાબેન રૂમમાંથી બહાર ચોકમાં હીંચકા પર જઈ બેઠાં. ત્યાં સામેના ઘરે વિયાયેલી બિલાડી પોતાનાં બચ્ચાને મોઢામાં પકડી કૂદકો મારી ચોકમાં આવી.

નીલાબેનનું મન ભારે થઈ ગયું, રાજ નાનો હતો ત્યારે સ્કૂલમાં ડબ્બામાં એને સારો નાસ્તો આપતી, પોતે ટાઢી રોટલીથી... ! છોકરું છે, એને સારુ જોઈએ, ને ! આપડે તો હાલે... ! બહાર ગામ ભણવા મૂક્યો, ઘરેથી સુખડી, ચેવડો, પૂરી.. બધો જ નાસ્તો મોકલી દેતી, થતું કે ઈ બિચારાને બે દિવસ વધારે ચાલે ને ! હું તો અમથી ક્યાં કાંઈ નાસ્તો જ કરું ! દરેક વખતે મન મનાવીને.. " ને આજે...!

" આવું બધું વધારે ખાસે તો તબિયત બગડશે ! એટલે... " શબ્દો નીલાબેનના દિલમાં શૂળ બનીને ખુંચી ગયા.

રાજ પ્લેટમાં બે ચમચી ભાજી ને એક રોટલી લઈને નીલાબેન પાસે ગયો "મમ્મી જમી લે."

ના, મને જરાય ભૂખ નથી " વેદના ભર્યા સ્વરે બોલતી મમ્મીની સામે રાજ એકીટશે જોઈ રહ્યો.

બિલાડી પોતાના બચ્ચાને ચાટતા ચાટતા મ્યાઉં મ્યાઉં કરી નીલાબેનને ઘસાવા લાગી. નીલાબેનનો હાથ બિલાડીને પંપાળવા લાગ્યો.

વર્ષા જાની ભાવનગર

---

NOG સાહિત્ય સરિતા
NOG SS No : 0063
વિષય : વિરહની વેદના
પ્રકાર : ગદ્ય (આર્ટિકલ)
શીર્ષક : અત્ર તત્ર સર્વત્ર

जातं वंशे भुवनविदिते
पुष्करावर्तकानाम्जानामि त्वां
प्रकृतिपुरुषं कामरूपं मघोन ?।
तेनार्थित्वं त्वयि
विधिवशादूरबन्धुर्गतोहम्यात्रचा मोघा
वरमधिगुणे नाधमे ल4घकामा।।
- कवि कालिदास

મહાકવિ કાલિદાસ રચિત 'મેઘદૂત' એ વિરહની વેદનાને સાક્ષાત કરતું મહાકાવ્ય ગણી શકાય.

અહીં શ્રાપિત યક્ષ, પોતાના મનની વિહ્વળતા અને વિરહની આગને જળબિંદુઓથી તરબતર ઈન્દ્રના અનુચર વરસાદી વાદળો દ્વારા પ્રેમિકાને પહોંચાડવાની કોશિશ કરે છે.

'વિરહ' શબ્દનો પ્રેમી યુગલો સાથે બહુ પુરાણો અને સર્વસ્વિકૃત નાતો છે.

પરંતુ,વિરહની વેદનામાંથી નવજાતથી લઈને વૃદ્ધ, કે કોઇપણ સજીવ યેનકેન પ્રકારે પસાર થાય જ છે.

નવજાત શિશુની આંખોમાં આપણે માતાને શોધતી વિહ્વળતા જોઈએ છીએ, એજ રીતે વૃદ્ધ માતાપિતાને મૂડી અને વ્યાજની રાહમાં ઝુરતા અને પીડાતા પણ નિહાળ્યા જ છે.

અરે, પાલતું પશુને પણ ક્યારેક વધુ સમય માટે એકલા મૂકી દીધા હોય,તો એની આંખો પણ ભીની થઈ જાય અને ફરી મળીએ ત્યારે જાણે વળગી પડે છે.

વળી, પ્રવાસમાં મજા માણતાં માણતાં પણ ઘરની સુગંધ,વસ્તુઓ કે આંગણાનાં વૃક્ષો પણ યાદ આવે છે. પોતાના પુસ્તકોની સુવાસેય આકર્ષિત કરે ને ઘર તરફ દોડી જવા પ્રેરિત કરે જ છે ને...

એટલે જ જ્યાં-જ્યાં પોતિકાપણાની લાગણી છે, ત્યાં ત્યાં એનાથી દૂર જવાની કે ગયાની તીવ્ર વિરહરૂપી વેદના છે.

રીટા ભાયાણી

---

NOG SS No : 0081
વિરહની વેદના
NOG: સાહિત્ય સરિતા
વિષયઃ વિરહની વેદના
પ્રકારઃ ગદ્ય
શીર્ષક :તારા વિના

"રામ બાણ વાગ્યા હોય તે જાણે. વિરહની વેદના અનુભવીને જ ખબર હોય. બાકી વાતો તો ઘણી કરીશકાય. જે ઘરમાં પવન પણ પૂછીને આવતો હોય તે ઘરમાંવાવાઝોડું ઘુસી જાય તો કેવી હાલત થાય ? એવી હાલત થઈ હતી.

ખેર, એ ઈતિહાસ ઉખેળવામાં હવે કોઈ ફાયદો નથી ! તારા વિના હવે જિંદગી પૂરી કર્યા વગર છૂટકો પણ નથી. કુટુંબ અને મિત્ર મંડળની સહાયથી કટોકટીના એ વર્ષો ગુજાર્યા.

જીવનમાં પ્રભુને મોતની પણ યાચના કરી હતી. તારી સાથેના સુંદર વર્ષોની ભીની ભીની મહેક આજે પણ જીવનમાં વર્તાય છે. જે બાકીની જિંદગી જીવવા માટે પૂરતીછે.

ઈશ્વરનું અર્પિત આ જીવન લાંબુ છે તો તેની પાછળ સર્જનહારનું કોઈ પ્રયોજન જરૂર હશે. એ સોનેરી દિવસો, બાળકોથી ઘરમાં થતો કલબલાટ આજે પણ કાનમાં ગુંજે છે. તારો સદા વરસતો પ્રેમ અને લાગણીની ગંગામાં ભરપૂર સ્નાન કર્યું હતું. ખબર નહી કયા ગુનાની સજા પામી અને એકલતામાં જિંદગી ગુજરી રહી છે. સારું છે બાળકો ખૂબ સંસ્કારી અને લાગણિશીલ છે. તેમનો હર્યો ભર્યો સંસાર જોઈ જીવાય છે.

તારા વિના સંસારની મધુર બગિયાનાં ફુલોની સુગંધ પામું છું. સુંદર ફળો પ્રભુની પ્રસાદી સમજીને માણું છું. સમય જતા વિરહની વેદના હળવી થઈ છે. કિંતુ હૃદયમાં એ ટીસ કાયમને માટે અનુભવું છું.

તને મળવાની પ્રતિક્ષામાં દિવસો ગુજરે છે. ક્યારેક તો એ પાવન ઘડી આવશે ?

પ્રવિણા કડકિઆ....હ્યુસ્ટન

---

NOG SS No : 0013
શબ્દ :વેદના .
શીર્ષકઃકોને કહુ આ વેદના?

પહોંચ્યો હજી તો ઘરના દ્વારે
ઉતરીને એમ્બ્યુલન્સમાંથી
ટોળા વળ્યા આજુબાજુ ને ચારેબાજુ
એક જ સવાલ પાછા આવી ગયા ?
અમને તો એમ કે ........
કોને કહું આ વેદના ?
સગાવહાલા આવતા થયા ઘરે
હવે કરજો ખાસ કાળજી.
અમારા બાજુવાળા,અને અમારા
ઉપરવાળા હમણાં જ ગયા.
કોઈ સ્મશાને પણ ન જઈ શક્યું.
કોને કહું આ વેદના ?
ફોન થયા આવતા કોઈ વાતે
શરમાતા નહીં.
૫૦૦૦ મોકલાવું ? જરૂર હોય તો
બીજે દિવસે ફોન પર્ ફોન
ભીખુભાઈ જેવા પાસે પૈસા માંગ્યા!
એ પણ ખાલી ૫૦૦૦/રૂપિયા
અમને ફોન કરવો જોઈએ ને
૫૦,૦૦૦ તો આમ જ આપી દેત
૫૦૦૦/ માટે ખાલી ઈજ્જત ગુમાવી.
કોને કહું આ વેદના ?
ભગવાન તને પણ થતી
હશે ને આવી વેદના ?
ઘનશ્યામ વ્યાસ.







શ્રી દંડીસ્વામી આશ્રમ ડાકોરમાં નવધાભક્તિ કથાનો પ્રારંભ છે પવિત્ર યાત્રાધામ ડાકોર ગોમતી ઘાટ નજીક દંડીસ્વામી આશ્રમ અમદાવાદના પરમ પૂજ્ય શ્રી ગીતા સાગર જી મહારાજ ના શ્રીમુખેથી નવધા ભક્તિ નું આયોજન કરવામાં આવ્યું છે પ્રથમ દિવસે શ્રી દંડીસ્વામી આશ્રમના મહંત શ્રી વિજય દાસજી બાપુ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું છે કોરોનાની મહામારી ચાલુ છે એટલે બહુ ઉભી ન થાય તે હેતુથી લાઈવ પ્રસારણ બપોરે ૩ થી ૬ લક્ષ ટીવી ચેનલ પરથી તારીખ ૩ ૧ ૨૦૦૧ ૨૦ સુધી કરવામાં આવશે ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

## કાતિલ ઠંડીઃ ડીસામાં ૧૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો, આબુમાં માઈનસ ૪.ડિગ્રી તાપમાન

કચ્છ,તા.૨૯

ગુજરાતમાં ઉત્તર તરફના પવન ફૂંકાય રહ્યા છે. ઠંડા પવન ફૂંકાતા લઘુતમ તાપમાન ઘટ્યું છે, જેના પગલે હાલ હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉકટર જ્યંત સરકારે જણાવ્યું છે કે, આગામી ૪૮ કલાક ઠંડીનું પ્રમાણ યથાવત રહશે. કચ્છ, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જૂનાગઢ જિલ્લામાં શીત લહેર ફરી વળશે. આગાહી પ્રમાણે રાજ્યમાં ઠંડીનું જોર વધતા જન-જીવન પ્રભાવિત થયું છે. બીજી તરફ રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાને પગલે માઉન્ટ આબુનું તાપમાન માઈનસ ૪.૦૫ ડિગ્રી નોંધાતા સહેલાણીઓ અને સ્થાનિક લોકો પણ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

રાજ્યમાં ઠંડા પવન ફૂંકાતા લઘુતમ તાપમાનનો પારો ગગડ્યો છે. ડીસાનું લઘુતમ તાપમાન ૬.૬ ડીગ્રી નોંધાયું છે. આજે ડીસામાં ઠંડીએ છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ડીસામાં છેલ્લા ૧૦ વર્ષમાં ૬.૬ ડીગ્રીથી નીચું તાપમાન નોંધાયું નથી. ડીસામાં સૌથી વધુ ઠંડી ૧૯૮૬ના વર્ષમાં અનુભવાય હતી. ૧૪ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ અહીં ૨.૨ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જે ઓલ ટાઈમ રેકોર્ડ બની ગયો છે. બીજી તરફ રાજ્યમાં ઠંડીનું જોર વધતા નલિયા શહેરમં સૌથી ઓછું તાપમાન નોંધાયું છે. નલિયાનું લઘુતમ તાપમાન ૨.૭ ડીગ્રી નોંધાયું છે. અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ઘટીને ૧૦.૨ ડીગ્રીએ પહોંચ્યું છે. ડીસાનું લઘુતમ તાપમાન ૬.૬ ડીગ્રી, વડોદરાનું લઘુતમ તાપમાન ૧૦ ડીગ્રી, કેશોદનું તાપમાન ૬.૨ ડીગ્રી, ભુજનું લઘુતમ તાપમાન ૯ ડીગ્રી તો ગાંધીનગરનું લઘુતમ તાપમાન ૭.૫ ડીગ્રી નોંધાયું છે. આ સાથે અન્ય શહેરોનું તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે. હાલ લોકો કડકડતી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે આગામી બે દિવસ ઠંડીનું પ્રમાણ યથાવત રહશે. ૩૧ ડિસેમ્બરથી ઠંડીમાં થોડો ઘટાડો નોંધાશે.

## બરોડા ડેરી ડિરેક્ટર ચૂંટણીઃ ભાજપે ૧૩ બેઠકોમાંથી આઠ પર વિજય મેળવ્યો



વડોદરા,તા.૨૯

બરોડા ડેરીના ડિરેક્ટરની ૭ બેઠક માટે યોજાયેલી ચૂંટણીની આજે મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં ૬ બેઠક પર ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારો જીત્યા છે. જ્યારે એક બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. બરોડા ડેરીમાં સતત ત્રીજી વખત ભાજપ પ્રેરિત પેનલે સત્તા હાંસલ કરી છે.

બરોડા ડેરીની ડિરેક્ટરની ૧૩ બેઠકો છે, જેમાં ચૂંટણી પહેલા ૬ બેઠકો બિનહરીફ થઈ હતી. જ્યારે ૭ બેઠક પાદરા, વડોદરા, શિનોર, સાવલી, ડેસર, ડભોઈ અને સંખેડા બેઠક પર ચૂંટણી થઈ. ૯૯.૪૯ ટકા જેટલુ ચૂંટણીમાં મતદાન થયું. જેની આજે મતગણતરી હાથ ધરાઈ હતી. મતગણતરીની શરૂઆતથી જ ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારો વિજય થવા લાગ્યા. જેમાં પાદરા ઝોનમાં દિનેશ પટેલ, વડોદરા ઝોનમાં શૈલેષ પટેલ, શિનોર ઝોનમાં જ્યોતિન્દ્ર સિંહ પરમાર, સાવલી ઝોનમાં રામસિંહ વાઘેલા, ડેસર ઝોનમાં કુલદીપસિંહ રાઉલજી, ડભોઈ ઝોનમાં અપક્ષ ઉમેદવાર દીક્ષિત પટેલ, સંખેડા ઝોનમાં રમેશ બારીયાનો વિજય થયો છે. અગાઉ ભાજપ પ્રેરિત પેનલના ૨ ઉમેદવારો અને કોંગ્રેસ પ્રેરિત પેનલના ૪ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. આમ બરોડા ડેરીમાં ૧૩ બેઠકમાં ૮ બેઠક ભાજપ, ૪ બેઠક કોંગ્રેસ અને ૧ બેઠક અપક્ષ ઉમેદવાર જીત્યા છે.

## ભાજપમાં મોટો ભૂકંપઃ ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ રાજીનામું આપ્યું

ગાંધીનગર,તા.૨૯

ભાજપના વિવાદાસ્પદ સાંસદ મનસુખ વસાવાએ રાજીનામું આપ્યું, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને રાજીનામાનો પત્ર મોકલ્યો છે. જેમાં મારી ભૂલના કારણે પક્ષને નુકસાન ના પહોંચે તેના કારણે રાજીનામું આપું છું. લોકસભાના સત્રમાં અધ્યક્ષને મળીને પણ હું લોકસભાના સભ્ય પદેથી રાજીનામું આપી દઈશ. તેમણે ભાજપના પક્ષ



પ્રમુખ સી.આર.પાટીલને આપેલું રાજીનામું સ્વીકારી લેવામાં આવ્યું છે. સાંસદ વસાવા છેલ્લા કેટલાક સમયથી ગુજરાત સરકારની કામગીરીથી નારાજગી અને લવજેહાદના મામલે પત્ર લખીને વિવાદમાં આવ્યાં હતાં. તેમણે પત્રમાં જણાવ્યું છે કે ભાજપે મને મારી ક્ષમતાં કરતાં પણ ઘણું બધું આપ્યું છે. જે માટે પક્ષનો, પક્ષના કેન્દ્રીય નેતાગણનો હું આભાર માનું છું. મારાથી શક્ય હતી તેટલી મેં પક્ષમાં વફાદારી નિભાવી છે. પક્ષના મૂલ્યો, જીવનના મૂલ્યો પણ અમલમાં મુકવા કાળજી રાખી છે. પરંતુ આખરે તો હું પણ એક માનવી છું. મનુષ્યના નાતે જાણે અજાણે ભૂલો તો થતી હોય છે. મારી ભૂલના કારણે પક્ષને નુકસાન ના પહોંચે તે કારણસર હું પક્ષમાંથી રાજીનામું આપું છું. જે બદલ પક્ષ મને ક્ષમા કરે. બજેટ સત્ર દરમિયાન લોકસભા સભ્યપદેથી પણ સ્પીકરને રૂબરૂ મળીને હું રાજીનામું આપી દઈશ.

મહત્વપૂર્ણ છે કે મનસુખ વસાવાએ નર્મદા જિલ્લાના ૧૨૧ ગામોને ઈકો સેન્સિટિવ ઝોનમાં સમાવેશનો વિરોધ કર્યો હતો. મનસુખ વસાવાના ઈકો સેન્સિટિવ ઝોન વિરોધના પગલે પક્ષ નારાજ હોય એવી ચર્ચાઓ ચાલી રહી છે.

મનસુખભાઈ અમારા સાંસદ છે તેનું અમને ગૌરવ છેઃ પાટિલ

સીઆર પાટિલ કહ્યું મનસુખ વસાવા અમારા સિનિયસ સાંસદ છે અને તેમણે અમારી સામે લાગણી વ્યક્ત કરી હતી. મનસલુખ વસાવા લાગણીશીલ માણસ છે. તેઓ લોકો માટે લડવાની પોતાની ફરજ છે તેમાં તેઓ ખુબ સારું કામ કરતા રહેશે. અમારા માટે ગૌરવ છે કે મનસુખ ભાઈ જેવા વ્યક્તિ અમારા સાંસદ છે, તેમની રજૂબઆત મુદ્દે આજે હું મુખ્યમંત્રીને મળ્યો હતો.જેથી તેમની જે નારાજગી છે તે દૂર કરવામાં આવશે.

